જન્મદિને વધામણી

કલ્પેશ ભટ્ટ
તસવીરકાર
દિવ્ય ભાસ્કર, ગાંધીનગર
મો. ૯૮૭૯૬ ૦૯૧૩૦

રેખા હરીશભાઈ રાવલ
એન્કર, વોઇસઓવર આર્ટીસ્ટ
મો. ૯૬૦૧૨ ૫૬૫૩૮

દિપક એન શાહ
ખજાનચી, ગુજરાત રાજ્ય વન કર્મચારી મંડળ
મો. ૯૮૯૮૧ ૬૧૬૩૯

સોનિકા મિગ્નેશ પટેલ

પ્રથમ મહેશકુમાર પટેલ

ધૃવી દિનેશકુમાર પ્રજાપતિ
મો. ૯૮૨૪૪ ૬૬૧૨૪

કાવ્યા ભરતભાઈ હડિયા
મો. ૯૨૭૪૪ ૨૫૫૫૮

કૉલેજના સ્ટુડન્ટ કાઉન્સિલ માટે

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે વ્યક્તિત્વ વિકાસ સેમિનાર

વિદ્યાર્થીઓને શારીરિક ક્ષમતા, માનસિક ક્ષમતા, સારી-સારી બાબતો કેળવવા માટે જ્ઞાન, ચારિત્ર્ય, વક્તૃત્ત્વ કલા વગેરે અંગે સચોટ માહિતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૧

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના સ્ટુડન્ટ કાઉન્સિલ માટે 'વ્યક્તિત્વ વિકાસ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તજજ્ઞ તરીકે જે સી પટેલ્ પસ્થિત રહ્યા હતા, જેમણે સમગ્ર સ્ટુડન્ટ કાઉન્સિલના સભ્યોને વ્યક્તિત્વ વિકાસ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. શારીરિક ક્ષમતા, માનસિક ક્ષમતા, સારી-સારી બાબતો કેળવવા માટે જ્ઞાન, ચારિત્ર્ય, વક્તૃત્ત્વ કલા વગેરે અંગે સચોટ અને સરસ માહિતી આપી હતી. મેડિટેશન પણ કરાવવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું.

કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ આ કાર્યક્રમ દ્વારા યોજાયેલ સેમિનાર થકી વ્યક્તિત્વ વિકાસ કરી કૉલેજ, સંસ્થા અને સમાજ માટે કાર્ય કરવા પ્રેરણા આપી હતી. આ સેમિનારમાં હમણાં જ ચીનમાં જઈને આવેલ કૉલેજની એનએસએસની વિદ્યાર્થીની અંજલિ પટેલ, જીએસ આરતી પટેલ, એજીએસ ભૂમિકા પટેલ, એલઆર ગોપી વિરજા, રિદ્ધિ પટેલ, પાયલ ઠક્કરને સ્ટુડન્ટ કાઉન્સિલ દ્વારા અને કૉલેજ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

જિલ્લા રોપ સ્કીપિંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય વિજેતા બની

અન્ડર-૧૪, અન્ડર-૧૭, અન્ડર-૧૯ વિભાગના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા તાજેતરમાં રોપ સ્કીપિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ વિજયી બની રાજ્યસ્તરની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

બહેનોના અન્ડર-૧૪ વિભાગમાં ભારતી યાદવ, માનસી સુથાર, લક્ષ્મી ભરવાડ, કૃપલ વરસીડિયા, હિના ત્રિવેદી તથા ભાઈઓના વિભાગમાં રૂદ્ર દવે, ભાવેશ કટારા, ભાવેશ શર્મા, જૈતુન શ્રીમાળી, અભિષેક યાદવ અને નકુલ યાદવ સામેલ હતાં.

બહેનોના અન્ડર-૧૭ વિભાગમાં પાર્વતી ઠાકોર, જ્યોત્સના ભરવાડ, હેલી શાહ, અર્ચના રાજપૂત તથા ભાઈઓના વિભાગમાં નિહાર વાળા, પ્રદીપ કોરી, વિવેક રાવલ, મેહુલ યાદવ, બ્રિજેશ પ્રજાપતિ, હર્ષિલ રાવલ, આદિત્ય મકવાણા, દેવ સુથાર, મનિષ શર્મા, ભાવિક કિશોરી, હાર્દિક મોલાડિયા અને રાજન સાકરિયા સામેલ હતાં.

બહેનોના અન્ડર-૧૯ વિભાગમાં નેહા શાહ, નેહલ વાઘેલા, હિરલ રાઠોડ, ભાવિકા સોલંકી, અંકિતા વાઘેલા, કિંજલ મુનિયા, હર્તિકા વાઘેલા તથા ભાઈઓના વિભાગમાં મિતેષ યાદવ, પ્રશાંત વાઘેલા, સત્યજીતસિંહ ચાવડા, અપૂર્વ રાવલ, વિજય વાઘેલા, જયેન્દ્રસિંહ વાઘેલા, પાર્થ શર્મા સામેલ હતાં.

સૌ વિદ્યાર્થીઓને પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રીએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
રૂસ્તમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

સ્ક્રીન-૨
મોહેંજો દરો
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૩
રૂસ્તમ
૨.૧૫, ૮.૩૦
મોહેંજો દરો
૧૧.૧૫, ૫.૧૫

સ્ક્રીન-૪
મોહેંજો દરો
સવારે ૧૦.૦૦
ઢીશૂમ
૩.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૫
મોહેંજો દરો
૨.૩૦, ૮.૩૦
રૂસ્તમ
૧૧.૦૦, ૫.૩૦

ગુજરાતીલેક્સિકન દ્વારા ગુજરાતીના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

ગાંધીનગર, તા. ૧૧

માતૃભાષા ગુજરાતીના સંવર્ધન અને સંચયન માટે સતત કાર્યરત ગુજરાતી લેક્સિકન દ્વારા તેના સ્થાપક રતિલાલ ચંદરયાની સ્મૃતિમાં વર્ષ ૨૦૧૫થી 'શ્રી રતિલાલ ચંદરયા ગુજરાતી લેક્સિકન શિષ્યવૃત્તિ' યોજનાની શરૂઆત કરવામાં આવી છે. રતિકાકાએ પોતાની જિંદગીનાં પચીસ કરતાં પણ વધુ વર્ષો માતૃભાષાની નિઃસ્વાર્થ સેવા પાછળ પસાર કર્યાં છે. એમની આ સેવાને આગળ વધારવાના એક ભાગ સ્વરૂપ જે વિદ્યાર્થી 'ગુજરાતી ભાષા'ને મુખ્ય વિષય તરીકે પસંદ કરી એમ.એ. અથવા પી.એચ.ડી. કરતા હોય તેવા હોશિયાર અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

આ શિષ્યવૃત્તિ શરૂ કરવા પાછળનો મુખ્ય આશય એવા વિદ્યાર્થીઓને મદદ કરવાનો છે કે જેઓ માતૃભાષામાં સઘન સંશોધન કરી માતૃભાષાનો વ્યાપ વધારવા ઉત્સુક છે; પણ આર્થિક સહાયતા ન હોવાને કારણે તેમ કરી શકે તેમ નથી. આથી ગુજરાતી લેક્સિકન દ્વારા આવા વિદ્યાર્થીઓને સહાયભૂત થવાના આશયથી એક નાનકડી પહેલ કરવામાં આવી છે.

આ અંતર્ગત સંસ્થાએ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ જેવી કે ગુજરાત યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વિદ્યાનગર યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ સાથે જોડાઈને વર્ષ ૨૦૧૫માં કુલ ૮ વિદ્યાર્થીઓ વચ્ચે ૭૨૦૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું હતું.

દરેક યુનિવર્સિટીના એમ.એ. વિભાગ ૧માંથી એક અને વિભાગ ૨માંથી એક એમ કુલ ૧૦ વિદ્યાર્થીઓ અને પી.એચ.ડીના કુલ ૨ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૨ વિદ્યાર્થીઓ વચ્ચે કુલ ૧,૦૦,૦૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિનું વિતરણ કરવામાં આવે છે. આ શિષ્યવૃત્તિની સહાય રકમ આગામી વર્ષોમાં વધારવામાં આવશે, જેથી વધુ વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ હેઠળ આવરી શકાય.

શિષ્યવૃત્તિ કુલ રકમ (વિદ્યાર્થી દીઠ) : એમ.એ. પાર્ટ ૧ – ૭૦૦૦ રૂપિયા, એમ.એ પાર્ટ ૨ – ૭૦૦૦ રૂપિયા, પી.એચ.ડી – ૧૫,૦૦૦ રૂપિયા.

શિષ્યવૃત્તિ માટે નીચે જણાવેલા માપદંડ નક્કી કરવામાં આવ્યા છે :

- બી.એ.માં ઓછામાં ઓછા ૫૫% ગુણ આવેલા હોવા જોઈએ
- માસ્ટર ડિગ્રીમાં ઓછામાં ઓછા ૫૫% ગુણ મેળવેલ વ્યક્તિ જ પી.એચડી સ્કોલરશિપ માટે લાયક ગણાશે
- કોઈ શિષ્યવૃત્તિ કે આર્થિક સહાય ન મળતી હોવી જોઈએ
- કુટુંબની વાર્ષિક આવક ત્રણ લાખ રૂપિયા કે તેથી વધુ ન હોવી જોઈએ
- પોતાનો અભ્યાસક્રમ અધૂરો નહીં છોડે અને પૂર્ણ કરશે, તેની બાંહેધરી વિદ્યાર્થીએ આપવી પડશે
- જો કોઈ વિદ્યાર્થીના સંદર્ભમાં તેના ઘરની રૂબરૂ મુલાકાત લેવાની જરૂર પણ પડે, તો તે લેવી
- સ્કોલરશિપ અંગેનો અંતિમ નિર્ણય પસંદગી સમિતિનો રહેશે

આ માપદંડ ધ્યાનમાં રાખીને વિવિધ યુનિવર્સિટીના 'ભાષાભવન' તરફથી જે યાદી સંસ્થાને મળે છે તે યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓના દસ્તાવેજોનું પ્રથમ વેરીફિકેશન કરવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થીઓનું ફોન દ્વારા વેરિફિકેશન કરવામાં આવે છે અને જરૂર જણાય તો રૂબરૂ મુલાકાત પણ કરવામાં આવે છે. આ બધાને અંતે પસંદગી સમિતિ દ્વારા દરેક બાબતની ચકાસણી કરી શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીની યાદી જાહેર કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૬થી ભાષાભવન એટલે કે પી.જી વિભાગના વિદ્યાર્થીઓ ઉપરાંત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજમાંથી પણ એમ.એ અને પી.એચ.ડી કરતાં વિદ્યાર્થીઓને આ યાદીમાં સમાવવાનો અમે પ્રયાસ શરૂ કર્યો છે. આ માટે વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ ફોર્મ 'ઓનલાઇન' ભરવાનું રહેશે અને જે જણાવ્યા છે તે બધા જ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. આવકના પ્રમાણપત્ર અંગેનો નમૂનો http://www.gujaratilexicon.com/uploaded/income_example.pdf ઉપર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત કૉલેજના પ્રિન્સિપાલ અથવા ભાષાભવનના ગુજરાતી વિભાગના અધ્યક્ષ (એચ.ઓ.ડી) નો દસ્તાવેજની અને બધી માહિતીની ખાતરી આપતો પત્ર તેમના લેટરહેડ ઉપર હોવો જરૂરી રહેશે.

આ શિષ્યવૃત્તિ માટેનાં અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૬ છે.

આ અંગેની વધુ માહિતી માટે સંસ્થાના પ્રોજેક્ટ મેનેજર મૈત્રી શાહનો સંપર્ક (મો. ૯૮૨૫૨૬૩૦૫૦ , ઑફિસ : ૪૦૦૪૯૩૨૫) કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ચુનીલાલ મડિયા : ઓછા આયખામાં માતબર સર્જન કરનારા સમર્થ લેખક

પ્રસંગસર
સ્વાતિ શુક્લ

ગુજરાતી ભાષાના સમર્થ સર્જક ચુનીલાલ મડિયાનો જન્મ તા. ૧૨ ઑગષ્ટ, ૧૯૨૨ના રોજ સૌરાષ્ટ્રના ધોરાજી ગામમાં થયો હતો. ખૂબ જ ઓછા આયખામાં નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, વિવેચન, પ્રવાસવર્ણન, ચરિત્રાત્મક સાહિત્ય, પત્રકારત્વ અને કવિતા જેવા અનેકવિધ સાહિત્યપ્રકારોમાં વિપુલ ખેડાણ કરનારા મડિયા ગુજરાતી સાહિત્યમાં સર્વતોમુખી પ્રતિભા તરીકે નોખી ભાત પાડે છે. વિદ્યાર્થીકાળથી જ ઉત્કટ સાહિત્યપ્રીતિને કારણે અંતિમ શ્વાસ સુધી સાતત્યપૂર્ણ શિસ્તબદ્ધ લેખનપ્રવૃત્તિ કરતા મડિયા પાસેથી ગુજરાતી સાહિત્યને ૧૩ નવલકથાઓ, ૧૧ વાર્તાસંગ્રહો, ૬ નાટ્યગ્રંથો, ૪ વિવેચન સંગ્રહો, બે વિવેચનાત્મક પરિચય પુસ્તિકાઓ,, બે જીવનચરિત્રો, ૧ કાવ્યસંગ્રહ અને ૧ પ્રવાસવર્ણન ઉપરાંત અનેક અનુવાદો અને સંપાદનો પ્રાપ્ત થયાં છે. તેમણે ઋચિ નામનું સામયિક લાંબા સમય સુધી ચલાવ્યું હતું.

સર્જક ઉપરાંત વ્યક્તિ તરીકે પણ મડિયા ખૂબ જ મજબૂત અને પારદર્શક હતા તેથી ઉમાશંકર જોશીએ એમને 'મડિયારાજા'નું બિરૂદ આપ્યું હતું. નાટ્યકૃતિના સર્જક અને આસ્વાદક મડિયા નાટ્યના સિધ્ધાંતોની આલોચના પણ કરે છે તો નાટ્યસર્જન પ્રવૃત્તિઓની સાથે સાથે મુંબઈમાં એક નાટ્યસંસ્થા પણ સ્થાપે છે. મડિયા પાસેથી 'હું ને મારી વહુ', 'શૂન્યશેષ' અને 'રામલો રૉબિનહૂડ' જેવાં નાટકો તેમજ 'રંગદા', 'વિષ વિમોચન' અને 'રક્તતિકલ' જેવાં એકાંકી સંગ્રહો મળ્યાં છે.

'હું ને મારી વહુ' એ એક જ અંકમાં વ્યાપી દીર્ઘનાટક તાલુકા મથકની પોલીસ ચોકીના એક જ સ્થળ અને દૃશ્યની આસપાસ રચાય છે. પોલીસચોકીમાં જ થતાં લગ્નનો અને એને આનુષંગિક પ્રસંગોનો રમૂજ પ્રેરક ચિતાર આપે છે.

'શૂન્યશેષ' એ મડિયાનું નોંધપાત્ર ત્રિઅંકી નાટક છે, જેમાં હાસ્ય, કટાક્ષના આલંબન દ્વારા લેખક ભારતીય સંસ્કૃતિની જડ જીવનરીતિ અને વિજ્ઞાનના સત્ય વચ્ચેનો સંઘર્ષ આલેખવા પ્રયત્ન કરે છે. આ નાટકને જશવંત ઠાકર આધુનિક ત્રિઅંકીઓમાં મહત્ત્વપૂર્ણ સમજે છે અને તેના પર ટાગોરના 'અચલાયનન' નાટકની અસર હોવાનું સ્વીકારે છે.

મડિયાનું હળવી શૈલીમાં લખાયેલું નાટક 'રામલો રૉબિનહૂડ' પણ ઉત્તમ પ્રહસનનો નમૂનો છે, જેમાં સ્વાર્થલોલુપ પ્રધાનો અને અધિકારીઓની પ્રપંચલીલા પર લેખક આકરા પ્રહારો કરે છે.

મડિયાની એકાંકીકલાનો ઉત્તમ નમૂનો એકાંકી 'સમ્રાટ શ્રેણિક'. પ્રાચિન કથાનકની નાટ્યોપકારક માવજત દ્વારા એકાંકી સાહિત્યની આ ઉત્કૃષ્ટ કૃતિ રચાઈ છે. ઓછા આયખામાં અદકું અર્પણ કરનારા આ માતબર સર્જકનો મહિમા યુગો સુધી અકબંધ રહેશે.

પરિવર્તનોથી મૈત્રીભાવનું પવિત્ર ઝરણું દૂષિત

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

એક જ નિયમ અહીં શાશ્વત છે કે પરિવર્તન સનાતન છે. એટલે કે વિશ્વમાં સમયાંતરે બધું જ સતત બદલાતું જાય છે, આ પ્રક્રિયાને કોઈ રોકી શકતું નથી. ભગવાન કે ઈશ્વરે જે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે તેમાં બધાને સ્થાન આપવામાં આવ્યું છે એટલે જગતમાં સામ્યતા નથી, વિવિધતા અને વિશેષતાઓ પણ રહેલી છે. માયાનું સર્જન એ ઈશ્વરની કૃતિ છે. મારું-તારું, સ્વાર્થ-પરમાર્થ, મોહ-ત્યાગ, નફરત-પ્રેમ, કઠોરતા-કરૂણા આ બધાનું સહઅસ્તિત્વ પૃથ્વી ઉપરના જીવનને પ્રેરિત કરે, ચલાવે, દોડાવે અને એ રીતે જીવનને અવિરત ગતિ મળતી રહે છે. માયાને ત્રિગુણાત્મક દૃષ્ટિથી જોવાય છે. કોઈક તો સુપરપાવર છે, જેના પ્રબંધનમાં કદી ભૂલ કે અન્યાય હોતા નથી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને આ બધામાં પોતપાતનાં કાર્યક્ષેત્રનાં કામો વિશ્વના સર્જકે સોંપેલા છે. પૃથ્વી ઉપરના સજીવો જીવન દરમ્યાન અનેક અને વિવિધ પ્રકારના અનુભવો પ્રાપ્ત કરતા રહે છે. બીજું, પ્રશ્નો આવે અને ઉકેલ શોધવો પડે, જે મળી જતાં આનંદ થાય. આ જીવનની આગવી શૈલી છે. જો સવાલો નથી તો જીવનમાં જવાબો શોધવા પડતા નથી અને જીવનનો ઉલ્લાસ કે હર્ષ પણ નથી. સંબંધોના તાણાવાણામાંથી વ્યક્તિ હંમેશાં પોતાનો આનંદ કે હૂંફ શોધતો ફરે છે. આ બધા સામાજિક સંબંધોમાં સૌથી ઉચ્ચ પ્રકારનો એક સંબંધ જે પ્રાપ્ત થાય છે તે મૈત્રીનો સંબંધ છે !! કહેવાય છે કે મિત્રતામાં એક આત્મા બે જુદા-જુદા શરીરોમાં વસે છે. એક દુખી થાય તો બીજો પણ સુખની ક્ષણોથી વંચિત થઈ જાય છે. મિત્રતા એ એક અદ્‌ભૂત લાગણીના બંધનથી શરૂ થતો માનવીય સંબંધ છે, જેમાં સ્વાર્થની બદબૂ હોતી નથી. મૈત્રીભાવને પોતિકી દિવ્યતા છે. કૃષ્ણ-સુદામાની દોસ્તી વિશ્વમાં બેજોડ ઘટના રહી છે.

ગત સાતમી ઑગષ્ટે મૈત્રીદિન સૌએ ઉત્સાહથી ઉજવ્યો અને મોબાઈલ પર હૅપ્પી ફ્રેન્ડશીપ ડેના ઢગલાબંધ સંદેશા, ઈમેજીસ બધાએ મેળવ્યા અને આનંદ અનુભવ્યો કારણ કે હવે બધી ઉજવણીઓમાં નવું તત્ત્વ કે પાસું એ ઈન્ટરનેટ ઉમેરાયું છે ! હકીકત તો એ છે કે મિત્રતાની એક દિવસની ઉજવણી હોઈ જ ના શકે કેમ કે આ લોહીનો સંબંધ નથી છતાં માનવી એક ઉમદા સ્નેહભાવમાં દાયકાઓ સુધી હર્ષ પામતો રહે એ મૈત્રી છે. દોસ્તી એ કુદરતની બક્ષિસ છે જ્યાં પણ કદાચ ઋણાનુબંધ કામ કરે છે.

મિત્ર હોવું એટલે શું ? આ પ્રશ્નમાં જ વિશ્વની સ્નેહની ભૂખ, જિજ્ઞાસા સમાયેલી છે. સંસ્કૃતમાં એક સુવાક્ય છે, 'સમાન વ્યસનેષુ સખ્યમ' અર્થાત જેઓમાં આદતો કે ટેવો કે વ્યસનો એકસમાન હોય તેઓ ઝડપથી મૈત્રી સુધી પહોંચી જાય છે. ઘણીવાર સંજોગો અને સમય પણ મૈત્રીને જન્મ આપે છે.

મિત્ર એ માણસની સંબંધોની આગવી મૂડી ગણી શકાય પરંતુ કાળક્રમે સામાજિક મૂલ્યોનાં પતનમાં મિત્રતામાં ટકાઉપણું તકલાદી બની રહ્યું છે ! જ્યારે દુનિયા આખી તમારાથી દૂર થઈ ગઈ હોય અને કોઈ સહાનુભૂતિ હાથ પકડે કે નજીક આવે તે ખરો મિત્ર હોય છે તેવું પણ કહેવાયું છે.

મિત્રતાના સંબંધોનું એક ઉમદા-દિવ્ય શિખર છે તેની અંદર ત્યાગરૂપી દેવતા બિરાજમાન હોય છે. સરખા સ્તરના લોકો, સરખી વિચારધારાના લોકો ઝડપથી મિત્રતાની બક્ષિસ પામી શકે છે. તેમ છતાં જ્યારે બધા સામાજિક સંબંધોમાં પતન આવતું જાય તેમ-તેમ મૈત્રી પણ ઘાયલ થઈ જાય છે. કહેવાય છે કે મફતમાં મા-બાપનો પ્યાર મળે છે, બીજા બધા સંબંધો માટે દુનિયામાં કંઈ ને કંઈ કીંમત ચૂકવવી પડતી હોય છે પરંતુ મિત્ર એક એવી હસ્તી હોય છે, જે તેના દોસ્ત માટે પ્રેમથી કંઈપણ કરવા તત્પર હોય છે, તેની ભાવના જે હોય તે મૂલ્યવાન બાબત છે. વિશ્વમાં નફરત-ઘૃણા-દ્વેષ વધી રહ્યા છે તેથી મૈત્રીનું પવિત્ર ઝરણું દૂષિત થઈ રહ્યું છે. મિત્રતાનો મતલબ છે કે તમે કોઈ બીજી વ્યક્તિનો સ્વયંથી વધુ મહત્ત્વપૂર્ણ માન્ય રાખી એટલે એ વેપાર નથી પણ એક પવિત્ર પ્રેમ તત્ત્વ છે, એવું ઓશો રજનીશજીનું વિધાન જાણીતું છે. મૈત્રીમાં શ્રદ્ધા હોવી એ શક્તિઓનું પ્રાણતત્ત્વ છે. એકવાર કોઈક મિત્ર થયું તેથી શ્રદ્ધાનું સ્નેહમાં પરિવર્તન થયું એમ ગણાય અને જે સંબંધ ક્ષુલ્લક કામ માટે બાંધવામાં આવે તે મૈત્રી હોતી જ નથી એ વ્યક્તિએ યાદ રાખવું જ પડે.

દોસ્ત બનાવતાં પહેલાં હજારવાર વિચારજો, કેમ કે દોસ્તી ઊભી થયા બાદ તે મિટાવી શકાતી નથી પણ દુશ્મની ઊગી શકે છે. માબાપો પણ ઉંમરલાયક સંતાનો જોડે મૈત્રી કેળવી લે છે તે પરિવાર વધુ સમૃધ્ધ થાય છે.

ચાહતમાં એકબીજાની ફિકર હોવી જોઈએ, આ વાત તનેય ખબર હોવી જોઈએ. (બેફામ)

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

'યાદ દાદા-દાદીની'